જા.નં. મા-૨/ઉજવણી/૨૦૨૧/12447

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બ્લો/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૨૬/૦૮/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર વિસ્તારની સરકારી,અનુદાનિત
ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ તરફ

**વિષય**:- તારીખ ૨૮ ઓગષ્ટ ૨૦૨૧ ના રોજ શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતી નિમીત્તે "કસુંબીનો રંગ" ઉત્સવની ઉજવણી બાબત.

**સંદર્ભ**:- ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ નો પત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૨૧-૯૬૦-સ,તા.૨૪/૦૮/૨૦૨૧ ના પત્ર અન્વયે.

ઉપરોકત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણી કરવાનો નિર્ણય સરકારશ્રી દ્વારા લેવામાં આવેલ છે. સદર કાર્યક્રમમાં સુરત શહેર વિસ્તારમાં આવેલી સરકારી,અનુદાનિત ગ્રાન્ટેડ મા અને ઉ.મા શાળાઓ માંથી શાળાદીઠ ૩ (ત્રણ) શિક્ષકોને આ કાર્યક્રમમાં તા.૨૮ મી ઓગષ્ટના રોજ બિનચૂક ફરજીયાત પણે જોડાવવાનું રહેશે. આ સાથે શિક્ષણ વિભાગના તા.૨૪/૦૮/૨૦૨૧ પત્રની નકલ સામેલ છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર શિક્ષકો સમયસર નિશ્ચિત સ્થળે અને સમયે હાજર રહે તે માટે શાળાના આચાર્યશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

સદર કાર્યક્રમના નોડલ અધિકારી (૧) શ્રીમતી એમ.સી.પટેલ-મ.શિ.નિ મો.નં.-૯૬૮૭૩૬૬૧૦૦ અને (૨)શ્રીમતી એન.આર.સેલર-મ.શિ.નિ મો.નં.૯૬૮૭૪૨૭૪૧૪નો સંપર્ક કરવાનો રહેશે.આ અંગેની તમામ જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

સ્થળ:-કન્વેન્શન હોલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત ( ID:U-0153 )

સમય:-૧૦: ૦૦ કલાકે

તારીખ:-૨૮/૦૮/૨૦૨૧

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

તારીખ ૨૮ 'ઓગષ્ટ ૨૦૨૧ ના રોજ તમામ ૩૩ જિલ્લાઓમાં શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે "કસુંબીનો રંગ" ઉત્સવની ઉજવણી કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૨૧-૯૬૦-સ

તા.૨૪-૦૮-૨૦૨૧

વંચાણે લીધો :

- રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગનો તા.૨૧/૦૮/૨૦૨૧નો પત્ર ક્રમાંક SYCD/૧૦૨૦૨૧/૬૪૮

પરિપત્ર

રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણી કરવાનો નિર્ણય સરકારશ્રી દ્વારા લેવામાં આવેલ છે. રમત-ગમત, યુવા અને સાંકૃતિક વિભાગ તથા શિક્ષણ વિભાગના સયુક્ત ઉપક્રમે ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાં સદર ઉજવણી તારીખ ૨૮મી ઓગષ્ટ ૨૦૨૧ના રોજ કરવામા આવશે.

આ કાર્યક્રમનું સમગ્ર આયોજન અને વ્યવસ્થા સંલગ્ન યુનિવર્સિટી/સંસ્થા અને રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની જિલ્લા કક્ષાની કચેરી દ્વારા કરવામાં આવશે. જિલ્લા કક્ષાએ ૨૮ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે આ કાર્યક્રમ શરૂ કરવાનો રહેશે અને આ કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ રહેશે.

| ક્રમ | સમય | સમયગાળો | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૦:૩૦ | ૫ મીનીટ | મહાનુભાવોનુ આગમન અને દિપ પ્રાગટય |
| ૨ | ૧૦:૩૫ | ૫ મીનીટ | મહાનુભાવોનુ મેઘાણીજીના પુસ્તક અને પુષ્પથી સ્વાગત |
| ૩ | ૧૦:૪૦ | ૫ મીનીટ | સ્વાગત પ્રવચન: વાઈસ-ચાન્સેલર દ્વારા / સંસ્થાના વડા દ્વારા |
| ૪ | ૧૦:૪૫ | ૧૫ મીનીટ | શ્રી મેઘાણીજીના જીવન ઉપર ડોક્યુમેન્ટ્રી ફિલ્મ |
| ૫ | ૧૧:૦૦ | ૫ મીનીટ | મહાનુભાવોના હસ્તે મેઘાણીજીના પુસ્તકોના સેટનું જિલ્લા અને તાલુકા ગ્રંથાલયોને વિતરણ |
| ૬ | ૧૧:૦૫ | ૧૫ મીનીટ | કાર્યક્રમના માનનીય અધ્યક્ષશ્રીનું પ્રવચન |
| ૭ | ૧૧:૨૦ | ૬૦મીનીટ | શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત ગીતોની કલાકારો દ્વારા પ્રસ્તુતિ |
| ૮ | ૧૨:૨૦ | | રાષ્ટ્રગીત |

સંલગ્ન યુનિવર્સિટી/સંસ્થા તથા રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના જિલ્લાકક્ષાના અધિકારી દ્વારા જિલ્લા કલેક્ટર કચેરીના સંકલનમાં રહીને કોવીડ પ્રોટોકોલ મુજબના સોસયલ ડિસ્ટન્સીંગ સાથે ૫૦૦ વ્યક્તિઓ બેસી શકે તેવા હોલની વ્યવસ્થા કરવાની રહેશે. જેની જાણ તાત્કાલિક શિક્ષણ વિભાગ તથા રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગને કરવાની રહેશે.

આ ઉપરાંત યુનિવર્સિટીએ (૧) જિલ્લા કલેક્ટર કચેરી (૨) રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના જિલ્લા કક્ષાના અધિકારીઓ (૩) જિલ્લા યુવા વિકાસ અધિકારી (૪) જિલ્લા ગ્રંથપાલના સંકલનમાં રહીને સમગ્ર કાર્યક્રમનું સુચારૂ આયોજન કરવાનું રહેશે.

જિલ્લા કક્ષાના સદરહું કાર્યક્રમનું ભવ્ય અને યથોચિત આયોજન થાય તે સુનિશ્ચિત કરવા માટે જિલ્લા કક્ષાએ નીચે મુજબની ઑર્ગેનાઇઝીંગ કમિટીની રચના કરવામાં આવે છે.

1. જિલ્લા કલેક્ટર (કમિટીના અધ્યક્ષ)
2. સ્થાનિક સંસદસભ્ય / ધારાસભ્ય / જિલ્લા પંચાયત પ્રમુખ / નગરપાલિકા પ્રમુખ
3. મ્યુનિસિપલ કમિશનર (જ્યાં લાગુ પડે ત્યાં)
4. જિલ્લા વિકાસ અધિકારી
5. જિલ્લા પોલીસવડા
6. સંલગ્ન યુનિવર્સિટી / સંસ્થાના પ્રતિનિધિ
7. રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના જિલ્લાકક્ષાના અધિકારીઓ
8. જિલ્લા શિક્ષણ અધિકારી

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(મૌલિકા શાહ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ:-

1. પરિશિષ્ટ – અ (33 જિલ્લામાં યોજાનાર કાર્યક્રમોનું સ્થળ તથા સંલગ્ન યુનિવર્સિટીની યાદી)
2. પરિશિષ્ટ – બ (કાર્યક્રમના આયોજન સંબંધી સુચનાઓ)
3. પરિશિષ્ટ – ક (રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગનો તા.21/8/2021નો પત્ર)

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા. ક. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- જિલ્લા કલેક્ટરશ્રી તમામ (ટેકનિકલ શિક્ષણની કચેરી મારફત)
- તમામ યુનિવર્સિટીઓ / સંસ્થાઓ
- શાખા સિલેક્ટ ફાઇલ

## પરિશિષ્ટ-બ

**રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે તા.૨૮/૮/૨૧ના રોજ યોજાનાર જિલ્લા કક્ષાના કાર્યક્રમના આયોજનની માર્ગદર્શિકા**

સંલગ્ન યુનિવર્સિટી/સંસ્થાએ કાર્યક્રમ અંતર્ગત નીચે મુજબની કામગીરી કરવાની /સુચનાઓનું પાલન કરવાનું રહેશે :

- "નોડલ ઓફિસર"ની નિમણૂંક કરવાની રહેશે અને તેની જાણ નિયામકશ્રી, ઉચ્ચ / ટેકનિકલ શિક્ષણની કચેરીને કરવાની રહેશે.
- પ્રોગ્રામના સંપૂર્ણ આયોજન તેમજ સફળતાપૂર્વક પૂર્ણ થાય તેની સંપૂર્ણ જવાબદારી નોડલ અધિકારીની રહેશે.
- કાર્યક્રમ માટે સંલગ્ન સક્ષમ સત્તાની જરૂરી મંજુરી મેળવી લેવાની રહેશે.
- સંલગ્ન પોલીસ મથક સાથે સંકલનમાં રહીને કાર્યક્રમ સુરક્ષિત વાતાવરણમાં થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- ગૃહ વિભાગ / આરોગ્ય વિભાગના Covid-19 માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- કાર્યક્રમના સંચાલનમાં વિક્ષેપ ન પડે તે હેતુથી જનરેટરની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.
- હોલની કેપેસીટી મુજબ પી.એ. સીસ્ટમ તેમજ જરૂર પ્રમાણે હોલને સુશોભિત કરવાનો રહેશે.
- વિદ્યુત શકિત – માઇક તથા ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરવાની રહેશે
- invitation card / e-card તૈયાર કરવાના રહેશે.
- પ્રવર્તમાન Covid Guideline મુજબ કાર્યક્રમ દરમ્યાન social distancing જળવાય તેની પુરતી તકેદારી રાખવી.
- ડાયસ પર તેમજ આગલી હરોળમાં બેઠક માટે સોફા ને બદલે ચેરની ગોઠવણી કરવી
- કાર્યક્રમ દરમ્યાન દરેક વ્યકિત માસ્ક પહેરી રાખે તેની તકેદારી રાખવી
- કાર્યક્રમ સ્થળ અગાઉથી સેનેટાઇઝ કરી કાર્યક્રમ દરમ્યાન Hand Senetizer વગેરેની વ્યવસ્થા કરવી
- આમંત્રિત મંત્રીશ્રી/મહાનુભાવ માટે Liaison Officer ની નિમણૂંક કરવી
- ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના સંબંધિત અધિકારીઓ દ્વારા video conference મારફતે જે માર્ગદર્શન પુરું પાડવામાં આવે તેને અનુસરવાનું રહેશે.

ક્રમાંક : SYCD/102021/684

Sports, Youth and Cultural Activities Department
Government of Gujarat
Block No. 2, 8th Floor, Sardar Patel Bhavan,
Sector-10 / A, Gandhinagar - 382 010.
E-mail : secsyc@gujarat.gov.in

सत्यमेव जयते
C. V. Som, IAS
Additional Chief Secretary to Govt. of Gujarat

Date : 21/8/21

પ્રતિ,
શ્રી એસ.જે.હૈદર, આઇ.એ.એસ.
અગ્ર સચિવશ્રી, ઉચ્ચ શિક્ષણ વિભાગ,
બ્લોક નં. ૫, સચિવાલય, ગાંધીનગર.

**URGENT & IMPORTANT**

વિષયઃ તારીખ ૨૮ ઓગષ્ટ ૨૦૨૧ ના રોજ તમામ ૩૩ જિલ્લાઓમાં શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી નિમીત્તે "કસુંબીનો રંગ" ઉત્સવની ઉજવણી યુનિવર્સીટીઓ દ્વારા કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આજ રોજ તારીખ ૨૧ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ પદે શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી અન્વયે બેઠક રાખવામાં આવેલ હતી. આ બેઠકમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદેશ આપેલ છે કે ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાં શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી યુનિવર્સીટીઓ દ્વારા તારીખ ૨૮ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ કરવામાં આવશે તથા વાઈસ-ચાન્સેલરશ્રીઓ દ્વારા આ કાર્યક્રમનું સમગ્ર આયોજન અને વ્યવસ્થા કરવામાં આવશે અને રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના જિલ્લાકક્ષાના અધિકારીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની જવાબદારી સંભાળવામાં આવશે. માનનીય મુખ્યમંત્રીશ્રી તરફથી સુચના મળેલ છે કે જિલ્લાકક્ષાએ ૨૮ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે આ કાર્યક્રમ શરૂ કરવાનો રહેશે અને આ કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ રહેશે.

| ક્રમ | સમય | સમયગાળો | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| 1. | ૧૦:૩૦ | ૫ મીનીટ | મહાનુભાવોનું આગમન અને દિપ પ્રાગટય |
| 2. | ૧૦:૩૫ | ૫ મીનીટ | મહાનુભાવોનું મેઘાણીજીના પુસ્તક અને પુષ્પથી સ્વાગત |
| 3. | ૧૦:૪૦ | ૫ મીનીટ | સ્વાગત પ્રવચનઃ વાઈસ-ચાન્સેલર દ્વારા |
| 4. | ૧૦:૪૫ | ૧૫ મીનીટ | શ્રી મેઘાણીજીના જીવન ઉપર ડોક્યુમેન્ટ્રી ફિલ્મ |
| 5. | ૧૧:૦૦ | ૫ મીનીટ | મહાનુભાવોના હસ્તે મેઘાણીજીના પુસ્તકોના સેટનું જિલ્લા અને તાલુકા ગ્રંથાલયોને વિતરણ |
| 6. | ૧૧:૦૫ | ૧૫ મીનીટ | કાર્યક્રમના માનનીય અધ્યક્ષશ્રીનું પ્રવચન |
| 7. | ૧૧:૨૦ | ૬૦ મીનીટ | શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત ગીતોની કલાકારો દ્વારા પ્રસ્તુતિ |
| 8. | ૧૨:૨૦ | | રાષ્ટ્રગીત |



Tel : 079-23251273 Fax : 079-23252995

તારીખ ૨૮ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ ઉપર જણાવેલ કાર્યક્રમમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના જિલ્લાકક્ષાના અધિકારીઓ દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવશે જે બાબતે અત્રેથી અધિકારીઓને વિભાગ દ્વારા સુચના આપવામાં આવેલ છે.

1) મહાનુભાવોના સ્વાગત માટે મેઘાણીજીના પુસ્તક અને પુષ્પની વ્યવસ્થા જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવશે.
2) શ્રી મેઘાણીજીના જીવન ઉપર ડોક્યુમેન્ટ્રી ફિલ્મની વ્યવસ્થા જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવશે.
3) એક કલાકના સાંસ્કૃતિક કાર્યક્રમ માટે શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત ગીતોની પ્રસ્તૃતિ માટે કલાકારોની વ્યવસ્થા જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવશે.
4) એક કલાકના સાંસ્કૃતિક કાર્યક્રમ માટે શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત ૧૦ (દશ) ગીતોની પસંદગી ગુજરાત સંગીત નાટક અકાદમી દ્વારા કરવામાં આવશે.
5) મહાનુભાવોના હસ્તે મેઘાણીજીના પુસ્તકોના સેટનું જિલ્લા અને તાલુકા ગ્રંથાલયોને વિતરણ કરવાની વ્યવસ્થા જિલ્લા ગ્રંથપાલો દ્વારા કરવામાં આવશે.

ઉપર જણાવેલ વ્યવસ્થા સિવાયના આ કાર્યક્રમનું તમામ આયોજન જે તે યુનિવર્સીટીના વાઈસ-ચાન્સેલરશ્રીઓ દ્વારા કરવા માટે આપની કક્ષાએથી સંબંધિતોને જરૂરી સુચના આપવા વિનંતી છે. વધુમાં જણાવવાનું કે જે જિલ્લાઓમાં યુનિવર્સીટી નથી તે જિલ્લાઓમાં યુનિવર્સીટીઓ દ્વારા તેમના તાબા હેઠળની કોલેજોમાં આ કાર્યક્રમ કરવા સંબંધિતોને જરૂરી સુચના આપવા વિનંતી છે. આ કાર્યક્રમમાં ૫૦૦ આમંત્રિતો હાજર રહેશે તેવું આજની બેઠકમાં નક્કી થયેલ છે. અને આ કાર્યક્રમમાં સરકારશ્રીના તાજેતરના તમામ કોવિડ-૧૯ ગાઈડલાઈનનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે. આ બાબતે આપના તરફથી કરવામાં આવેલ પરિપત્ર/સુચના અત્રે મોકલી આપવા વિનંતી છે જેથી આ વિભાગમાં જિલ્લાના અધિકારીશ્રીઓને જરૂરી સંકલન માટે જાણ થઈ શકે.

(સી.વી.સોમ, IAS)
અધિક મુખ્ય સચિવ
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

નકલ રવાના:

(૧) શ્રી પ્રશાંત જોષી, IAS, કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર
(૨) શ્રી પંકજ ભટ્ટ, અધ્યક્ષશ્રી, ગુજરાત સંગીત નાટક અકાદમી, ગાંધીનગર
(૩) શ્રી પંકજ ગોસ્વામી, નિયામકશ્રી, ગ્રંથાલય, ગાંધીનગર